ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
૨, સરદાર ભવન, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૩૦/૦૯/૨૦૧૯
ઃ અધિસૂચના ઃ

ક્રમાંકઃ ડીવાયએસ-૧૦૨૦૧૮-૩૨૫૨-બ

(૧)

ગુજરાત કેડરમાં ફાળવેલ વર્ષ ૨૦૧૭ બેચના બે આઇ.પી.એસ અધિકારીઓની ફેઝ-૨ ની તાલીમ એસ.વી.પી.એન.પી.એ, હૈદરાબાદ ખાતે પૂર્ણ કરી રાજ્ય પોલીસ દળમાં હાજર થયેલ નીચે દર્શાવેલ આઇ.પી.એસ અધિકારીઓને, નીચે કોલમ-૩માં તેમના નામ સામે દર્શાવેલ જગ્યાએ નિમણુંક આપવામાં આવે છે.

| ક્રમ | અજમાયશી આઇ.પી.એસ.નું નામ અને હાલની જગ્યા | નિમણૂંકવાળી જગ્યા | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| 1. | શ્રી નિતેશ પાંડે, અજમાયશી આઈ.પી.એસ., જૂનાગઢ | મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, ધોળકા, જિ.અમદાવાદ | શ્રી બી. સી. વાઘેલાની બઢતીથી ખાલી પડતી જગ્યાએ |
| 2. | શ્રી સાગર બાગમર, અજમાયશી આઈ.પી.એસ., વડોદરા ગ્રામ્ય | મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, જેતપુર, જિ.રાજકોટ | શ્રી જે. એમ. ભરવાડની બદલીથી ખાલી પડતી જગ્યાએ |

(૨)

રાજય પોલીસ દળમાં, નાયબ પોલીસ અધિક્ષક (બિનહથિયારી) વર્ગ-૧ સંવર્ગમાં ફરજ બજાવતા, નીચે દર્શાવેલ અધિકારીઓને જાહેર હિતમાં બદલી કરીને, નીચે કોલમ-૩માં તેમના નામ સામે દર્શાવેલ જગ્યાએ નિમણુંક આપવામાં આવે છે.

| ક્રમ | નાયબ પોલીસ અધીક્ષકનું નામ હાલની જગ્યા | બદલીથી નિમણૂંકવાળી જગ્યા | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| 1 | શ્રી પી.એ.ઝાલા, વિભાગીય પોલીસ અધિકારી, પાલીતાણા, જી. ભાવનગર | વિભાગીય પોલીસ અધિકારી, ગોંડલ, જી.રાજકોટ | ડો.એચ.એમ.જાડેજાની બઢતીથી ખાલી પડતી જગ્યાએ |
| 2 | શ્રી એસ.કે.વાળા, નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી/એસ.ટી સેલ, ભુજ-કચ્છ | વિભાગીય પોલીસ અધિકારી, થરાદ, જી. બનાસકાંઠા | શ્રી અજીત રાજ્યાણ, IPS ની બઢતીથી ખાલી પડતી જગ્યાએ |
| 3 | શ્રી જે. એમ. ભરવાડ, વિભાગીય પોલીસ અધિકારી, જેતપુર, જિ.રાજકોટ | નિમણૂંક માટે પ્રતિક્ષા હેઠળ | --- |

(3)

રાજય પોલીસ દળમાં ફરજ બજાવતા પોલીસ ઇન્સ્પેકટર (બિનહથિયારી) વર્ગ-૨, પગાર ધોરણ Level No. 8 in Matrix, Verticle Range of Pay Level ₹. 44,900-1,42,400 ને નાયબ પોલીસ અધીક્ષક (બિનહથિયારી) વર્ગ-૧ સંવર્ગ પગાર ધોરણ Level No.10 in Matrix, Verticle Range of Pay Level ₹. 56,100-1,77,500 માં બઢતી આપીને નીચે મુજબ તેમના નામ સામે જણાવેલ જગ્યાએ નિમણૂક આપવામાં આવે છે.

| ક્રમ | પોલીસ ઇન્સ્પેકટરનું નામ | નાયબ પોલીસ અધીક્ષક (બિનહથિયારી) વર્ગ-૧ સંવર્ગમાં બઢતીથી નિમણુંકની જગ્યા | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| 1. | શ્રી કે. જી. પટેલ | નાયબ પોલીસ અધિક્ષક, એસસી/એસટી સેલ, ખેડા | ખાલી જગ્યાએ |
| 2. | શ્રી ડી. એચ. ગોર | નાયબ પોલીસ અધિક્ષક, એસસી/એસટી સેલ, વડોદરા ગ્રામ્ય | ખાલી જગ્યાએ |
| 3. | શ્રી આર. આર. ચૌધરી | નાયબ પોલીસ અધિક્ષક, સલામતી શાખા, ગાંધીનગર | ખાલી જગ્યાએ |
| 4. | શ્રી એમ. ડી. ઉપાધ્યાય | નાયબ પોલીસ અધિક્ષક, સોમનાથ મંદિર, જિ. ગીર સોમનાથ | ખાલી જગ્યાએ |
| 5. | શ્રી એમ. આઇ. પઠાણ | નાયબ પોલીસ અધિક્ષક, એસસી/એસટી સેલ, મોરબી | ખાલી જગ્યાએ |
| 6. | શ્રી આર. કે. ઝાલા | મદદનીશ કમિશ્નર ઓફ પોલીસ, એસસી/એસટી સેલ, સુરત શહેર | શ્રી પીનાકિન પરમારની બઢતીથી ખાલી પડતી જગ્યાએ |
| 7. | શ્રી એન. વી. પટેલ | નાયબ પોલીસ અધિક્ષક, મુખ્ય મથક, અરવલ્લી | શ્રી એન. એમ. કણઝરિયાની બઢતીથી ખાલી પડતી જગ્યાએ |

આ જાહેરનામાંનો અમલ તાત્કાલિક અસરથી કરી સંબંધિત અધિકારીઓને નવી જગ્યાએ હાજર થવા તાત્કાલિક અસરથી છુટા કરવાના રહેશે.

સદરહુ બઢતીઓ નીચે દર્શાવેલ શરતોને આધિન આપવામાં આવે છે.

(૧) આ જાહેરનામાંથી બઢતી પામતા પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારી) કરતાં ભવિષ્યમાં પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારી) સંવર્ગમાં તેના કરતા કોઈ પ્રવર પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારી) અધિકારીની, નાયબ પોલીસ અધીક્ષક (બિનહથિયારી) સંવર્ગમાં બઢતી માટે વિચારણાના સમયે જો નાયબ પોલીસ અધીક્ષક (બિનહથિયારી) સંવર્ગમાં જગ્યા ઉપલબ્ધ નહીં હોય અથવા સીધી ભરતીની જગ્યા સામે નાયબ પોલીસ અધીક્ષક (બિનહથિયારી) સંવર્ગમાં બઢતી પામેલ સદરહુ અધિકારીઓને સીધી ભરતીના અધિકારીઓ ઉપલબ્ધ થયેથી અથવા અન્ય કોઈ વહીવટી કારણોસર સદરહુ જાહેરનામાંથી બઢતી પામેલ અધિકારીઓ પૈકી "LAST IN FIRST OUT"ના સિધ્ધાંત મુજબ પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારી) સંવર્ગમાં પરત (Revert) હટાવવાની શરતે બઢતી આપવામાં આવે છે.

(૨) બઢતી પામતા પોલીસ ઈન્સ્પેક્ટર(બિનહથિયારી) સંવર્ગમાંથી નાયબ પોલીસ અધીક્ષક (બિનહથિયારી) સંવર્ગમાં હાજર થવા માટે ફરજમુક્ત કરતા પહેલા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગરે પડતર ખાતાકીય તપાસ, ફરજ મોકુફી અને ફોજદારી કેસોની અધતન પરિસ્થિતીની ચકાસણી કરીને આ બઢતીના જાહેરનામાંમાં સમાવિષ્ઠ પોલીસ ઈન્સ્પેક્ટરોને પ્રવર્તમાન નિયમોનુસાર બઢતી મળવાપાત્ર ન હોય તો, તેઓને ફરજમુક્ત કરવાના રહેશે નહીં.

(૩.૧) આ બઢતી નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ SLP-10714/2019 ના આખરી ચુકાદાને આધિન રહેશે.

(૩.૨) જ્યારે ગુજરાત જાહેર સેવા આયોગની જાહેરાત ક્ર:૮૭/૨૦૦૬-૦૭ના અનુસંધાને નામ. સુપ્રિમ કોર્ટમાં દાદ માંગેલ ૦૫ ઉમેદવારોની નિમણૂંક ભવિષ્યમાં થશે ત્યારે તેઓને પ્રવરતાયાદીમાં જે સ્થાને ગોઠવવામાં આવે તે મુજબ ઉક્ત બઢતી પામેલા ઉમેદવારોને બંધનકર્તા રહેશે અને ઉક્ત એડહોક પસંદગી પામેલા ઉમેદવારોની પ્રવરતા તે પ્રમાણે પુન: ગોઠવવામાં આવશે. જેમાં ઉક્ત ઉમેદવારો કોઈ વાંધો લઈ શકશે નહી.

વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૧૯ અંતર્ગત જે જિલ્લાઓમાં આદર્શ આચારસંહિતા અમલી છે તે જિલ્લાઓમાંથી બદલી કરાયેલ અધિકારીઓ અને તે જિલ્લાઓમાં નિમણૂંક કરાયેલ અધિકારીઓના કિસ્સામાં ભારતના ચૂંટણી પંચની અનુમતિ બાદ આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિખિલ ભટ્ટ)
અધિક સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ક.ગ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (સર્વે)
- પોલીસ કમિશ્નરશ્રી (અમદાવાદ / વડોદરા /રાજકોટ/સુરત)
- સર્વે રેન્જ વડા (પોલીસ મહાનિરીક્ષકશ્રી/ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી)
- સર્વે પોલીસ અધીક્ષકશ્રી (વેસ્ટર્ન રેલ્વે સહિત)
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ / અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- સેકશન અધિકારીશ્રી, HRMS Cell, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, CR Cell, ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- IT Cell, ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર ગૃહ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ
- સંબંધિત અધિકારીશ્રીઓ (પો.મ.નિ. અને મુ.પો.અધિ.શ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર મારફત).
- શાખા સિલેકટ ફાઈલ.